**જરૂરી**

ક્રમાંક ટ્રા/૬૯૫/.../૨૦૦૪
પોલીસ કમિશ્નરની કચેરી
અમદાવાદ શહેર. તા.૨૨-૩-૨૦૦૪

ઈન. ૨૦/૩/૦૪ 2190/04

પ્રતિ,
માનદ મંત્રીશ્રી
અમદાવાદ મોટર ટ્રાન્સપોર્ટ એસોસીએશન,
૩૪, ટ્રાન્સપોર્ટ નગર, નારોલ,
અમદાવાદ-૩૮૨૪૦૫

**વિષય:-** ભારે વાહનો ઉપરના પ્રતિબંધ માંથી મુક્તિ આપવા અંગે.
**સંદર્ભ:-** આપના તા.૯.૩.૦૪ ના પત્ર ક્રમાંક એ.એમ.ટી.એ./૨૦૦૪-૦૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આપનાં તરફથી તારીખ ૯.૩.૨૦૦૪ ના પત્રથી અમદાવાદ શહેરનાં જુદા જુદા માર્ગો ઉપર વધુ છુટછાટ આપવા નિચે મુજબની રજુઆત કરેલ છે.

(૧) પ્રેમ દરવાજાથી દરગાહ પોલીસ ચોકી સર્કલ સુધીના રોડને પણ કલાક ૧૩.૦૦ થી ૧૬.૦૦ સુધીની છુટ આપવી જોઈએ આ રોડ ઉપર ટ્રાફીકની કોઈ સમસ્યા સર્જાશે નહી તેની અમો ખાત્રી આપીએ છીએ.

(૨) દિવાન બલ્લુભાઈ સ્કુલથી કાગડાપીઠ પોલીસ સ્ટેશન થઈ સારંગપુર મેઈન રોડથી સારંગપુર પાણીની ટાંકી થી યુ ટર્ન મારી મેઘદુત હોટલ પાછળનો રસ્તો ખુલ્લો રાખવા વિનંતી કરેલ છે.

(૩) કાંકરીયા પોલીસ ચોકીથી આબાદ ડેરી થઈ મહીપતરામ આશ્રમ સુધી અને ભુતની આંબલી સુધીનો રસ્તો કલાક ૧૩.૦૦ થી ૧૬.૦૦ સુધી ખુલ્લો રાખવા વિનંતી કરેલ છે.

૨:- આપશ્રી ની ઉપરોક્ત માંગણી અન્વયે તા.૯.૩.૦૪ તેમજ તા.૧૩.૩.૦૪ ના રોજ રૂબરૂમાં થયેલ ચર્ચા મુજબ તેમજ આપના દ્વારા આપવામાં આવેલ લેખિત બાંહેધરીમાં સ્પષ્ટ પણે જણાવવામાં આવેલ છે કે પ્રસ્તુત જાહેર માર્ગો ઉપર આ છુટછાટ ને કારણે ટ્રાફીકની સમસ્યા સર્જાશે નહી તે બાબતને ધ્યાનમાં લઈ આ કચેરીના તા.૨.૬.૦૪ ના જાહેરનામા માંથી નીચેની શરતોને આધીન મુક્તિ આપવામાં આવે છે.

(૧) ઉપરોક્ત ત્રણેય રુટ ઉપર મુક્તિ બપોર ક.૧૩.૦૦ થી ૧૬.૦૦ સુધીજ અમલમાં રહેશે. અન્ય સમય માટે પ્રતિબંધ અમલમાં રહેશે.

(૨) આ જાહેર માર્ગો ઉપર આ સમય દરમ્યાન ભારે વાહનો રોડની સાઈડે પાર્ક કરી શકાશે નહી અને જો આ વાહનો પાર્ક કરેલાનું ધ્યાન ઉપર આવશે તો આપવામાં આવેલ છુટછાટ તાત્કાલિક અસરથી રદ કરવામાં આવશે.

આપનો વિશ્વાસુ

પોલીસ કમિશ્નરશ્રી
અમદાવાદ શહેરના હુકમથી"

COMMISSIONER OF POLICE
AHMEDABAD CITY

પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર વતી

નકલ રવાના :-
મદદનીશ પો.કમી.શ્રી ટ્રાફીક શાખા, અમદાવાદ શહેર.
૨/- જાણ સારુ તથા આપના તાબાનાં ઈન્સ્પેક્ટરશ્રીઓને જરૂરી કાર્યવાહી કરવા જણાવવા સારુ.

TruckPermit1

0321177